# એપિડ્યૂરલ (EPIDURAL) માહિતી કાર્ડ

**પ્રસૂતિવેદના વખતે એપિડ્યૂરલ - તમારે શું જાણવાની જરૂર છે** (આ કાર્ડ સારાંશ છે. વધારે માહિતી www.oaaformothers.info માંથી મળી રહેશે. જે કોઈ અસ્પષ્ટ જણાય તેની ચર્ચા કૃપા કરી તમારા અનીસ્થેટિસ્ટ સાથે કરશો)

**તમારુ એપિડ્યૂરલ તૈયાર કરવા વિષે**

- તમને ઈન્ટ્રાવીનસ કેન્યુલાની જરૂર પડે, અને કદાચ ડ્રિપની.
- તમને ઈન્ટ્રાવીનસ કેન્યુલાની આવતુ હોય, ત્યારે તમે નિઃસ્તબ્ધ રહો તે અગત્યનું હોય છે અને જો તમને સંકુચન (કોન્ટ્રાકશન) થઈ રહયું હોય તો અનીસ્થેટિસ્ટને જણાવો.
- સામાન્ય રીતે તૈયાર કરવા 20 મિનિટસ લાગે અને 20 મિનિટસ કાર્ય કરતાં.
- અમુક એપિડ્યૂરલ પૂરેપૂરા કાર્ય કરતા નથી, અને તેને ગોઠવવા અથવા બદલવા પડે.

**એપિડ્યૂરલના ફાયદાઓ**

- ઘણું કરીને કરદ-પીડામાં શ્રેષ્ઠ રાહત આપે છે.
- કોઈક વાર જલદી અસર માટે સ્પાઈનલ પહેલાં આપવામાં આવે છે.
- તમને પથારીમાં આજુબાજુ કરવા માટે આ માત્રા અથવા લોકલ અનીસ્થેટિકના પ્રકારમાં કોઈક વખત ફેરફાર કરવામાં આવે છે. આને ઓછો કે લો - ડોઝ અથવા મોબાઈલ એપિડ્યૂરલ કહેવામાં આવે છે.
- સામાન્યરીતે એપિડ્યૂરલ તમારા બચ્ચા - નાના બાળકને અસર કરતું નથી.
- જરૂર જણાતા સિઝેરિઅન સેકશન (કાપ) માટે ટોપ-અપ કરી શકાય.

**તમારા ઓપિડયૂરલમાં સંભાવ્ય સમસ્યાઓ**

- જોરદાર લોકલ અનીસ્થેટિકમાં વારંવાર ટોપ્સ-અપ કે ઉમેરો કદાય કામચલાઉ પગમાં નબાઈ લાવી અને ફોરસેપ્સ અથવા વેન્ટોઝ પ્રસૂતિના જોખમમાં વધારો કરી શકે.
- એપિડયૂરલ કદાચ પ્રસૂતિવેદનાના બીજા તબકકામાં થોડોક વિલંબ લાવી શકે.
- એપિડયૂરલ દરમિયાન તમને કદાચ લોહીનું ઓછુ દબાણ, ખંજવાળ (ઈચીંગ) અથવા તાવ આવી શકે.
- એપિડયૂરલની જગ્યા આળી કે દરદવાળી (ટેન્ડર) બની શકે પણ તે ફક્ત ઘણુ કરીને થોડાક દિવસો માટેજ. એપિડયૂરલથી પીઠનો દુખાવો થતો નથી, પણ કોઈ પણ સગર્ભાવસ્થા પછી તે સામાન્ય બને છે.

**આ કાર્ડની બીજી બાજુએ એપિડયૂરલના જોખમ-ભય આપવામાં આવેલ છે**

© Obstetric Anaesthetists' Association January 2008

# એપિડ્યૂરલ (EPIDURAL) માહિતી કાર્ડ

## પ્રસૂતિવેદનાની પીડા ઓછી કરવા એપિડયૂરલ અથવા સ્પાઈનલ લેવાના જોખમ -- ભય

| જોખમ - ભયનો પ્રકાર | આ કેટલી વખત બને છે? | તે કેટલુ સામાન્ય છે? |
|---|---|---|
| લોહીના દબાણમાં મહત્વપૂર્ણ ઘટાડો | દરેક 50 મહિલાઓમાં એકને | અવારનવાર |
| પ્રસૂતિવેદનામાં પીડા ઓછી કરવા સારી રીતે કાર્ય નહિ કરવાથી તમારે વેદના ઓછી કરવા બીજી રીતનો ઉપયોગ કરવાની જરૂર<br><br>સિઝેરિઅન સેકશન માટે સારી રીતે કાર્ય મહિ કરવાથી તમારે જનરલ અનીસ્થેટિક લેવાની જરૂર | દરેક 8 મહિલાઓમાં એકને<br><br>દરેક 20 મહિલાઓમાં એકને | સામાન્ય<br><br>કોઈકવાર |
| સખત માથાનો દુખાવો | દરેક 100 મહિલાઓમાં એકને (એપિડયૂરલ)<br><br>દરેક 500 મહિલાઓમાં એકને (સ્પાઈનલ) | સામાન્ય |
| જ્ઞાનતંતુમાં ઈજા (પગ અથવા ટાંટિયામાં સંવેદનશૂન્ય પેચ અથવા નબળો પગ હોવાનું)<br><br>6 મહિનાઓ કરતાં વધારે સમય અસર રહેશે | કામચલાઅઉ - દરેક 100 મહિલાઓમાં એકને<br><br>કામચલાઅઉ - દરેક 13,000 મહિલાઓમાં એકન | ભાગ્યે જ<br><br>ભાગ્યે જ |
| એપિડયૂરાલ ફોલ્લો (ઈન્ફેકશન)<br><br>મેનિનજાઈટિસ<br><br>એપિડયૂરાલ હેમેટોમા (લોહી ગંઠાઈ જવુ) | દરેક 50,000 મહિલાઓમાં એકને<br><br>દરેક 100,000 મહિલાઓમાં એકને<br><br>દરેક 170,000 મહિલાઓમાં એકને | ખૂબ જ અસાધારણ - વિરલ<br><br>ખૂબ જ અસાધારણ - વિરલ<br><br>ખૂબ જ અસાધારણ - વિરલ |
| આકસ્મિક બેભાન | દરેક 100,000 મહિલાઓમાં એકને | ખૂબ જ અસાધારણ - વિરલ |
| ગંભીર ઈજા, કે જેમાં પેરેલિસીસનો સમાવેશ | દરેક 250,000 મહિલાઓમાં એકને | ખૂબ જ અસાધારણ - વિરલ |

*પ્રકાશન કરવામાં આવેલત દસ્તાવેજોમાંથી મળી રહેલ માહિતી ઓ બધાં જ જોખમ - ભયના ચોકક્સ આંકડાઓ આપતી નથી. ઉપર બતાવવામાં આવેલ આંકડાઓ અંદાજ કે આશરે છે, અને જુદી હોસ્પિટલ્સમાં જુદા હોઈ શકે.*

***આ કાર્ડની બીજી બાજુએ પ્રસૂતિવેદનાની પીડા માટે એપિડયૂરલ્સ વિષે માહિતી આપવામાં આવેલ છે.***

© Obstetric Anaesthetists' Association January 2008